# ચૂંટણીમાં મહોરા નહી, મુદ્દા જરૂરી

## શહેરના પડતર પ્રશ્નોની જાહેરમાં ચર્ચા અનિવાર્ય છે, ગંદકી, દબાણ, આંતરિક બસ વ્યવસ્થા, સેક્ટરોના દવાખાના, પ્રાથમિક શાળા અને રંગમંચોની બગડતી હાલત અટકાવવાના મુદ્દાઓ સહિતની સ્પષ્ટતા મતદારો અભિલાષે છે

**મહાનગરનો મહાસંગ્રામ**

**- સંજય દૃષ્ટિ**

ચૂંટણીનો ટેમ્પો હવે જામતો જાય છે. ચૌરે ચૌટે ચર્ચાઓનો માહોલ ઉભો થઈ રહ્યો છે. હાર-જીતના દાવા-પ્રતિદાવાઓ તર્ક સાથે થઈ રહ્યા છે, પણ દુઃખદ વાત એ છે કે હજુ કોઈ મુદ્દાઓ ચર્ચામાં નથી આવતા. ચર્ચાઓ ચહેરાની થાય છે. મુદ્દાઓની નથી થતી. કોઈ ઉમેદવાર કે કોઈ પક્ષ કયા મુદ્દાને પ્રાધાન્ય આપશે તેની સ્પષ્ટતા બંને પક્ષોમાં થતી નથી. હા લોકવિકાસ મંચ એક મુદ્દા પર ચૂંટણી લડે છે અને તે મુદ્દો છે મનપા ન જોઈએ. કોંગ્રેસ અને ભાજપ વિકાસની વાતો ચલાવશે અને ચગાવશે પણ આ શહેરમાં મહાનગરપાલિકા પાસે કેટલી સત્તા અને કઈ સત્તા છે, તેની સ્પષ્ટતા પણ જરૂરી છે અને એ સ્પષ્ટતાને આધારે પક્ષોએ મુદ્દાઓને પ્રાધાન્ય આપવુ જોઈએ, પ્રશ્નોને પ્રાધાન્ય આપવુ જોઈએ, વિકાસની વાતને પ્રાધાન્ય આપવુ જોઈએ. ગાંધીનગરના નિર્માણમાં કોંગ્રેસની પણ ભૂમિકા છે. અને ભાજપની પણ ભૂમિકા છે. એનો યશ ખાંટવાની જરૂર નથી. પણ મહાનગર પાલિકાની રચના પછી શુ થયુ, શુ કરવુ જોઈએ અને હવે શુ કરવુ જોઈએ એ પ્રશ્નોનો જવાબ એટલે મેનીફેસ્ટો સમગ્ર ચૂંટણીનું ચિત્ર ધુંધવાયેલુ છે. ચૂંટણી ચહેરા આધારિત નહી, વ્યક્તિ આધારિત નહી પરંતુ મુદ્દા અને દૃષ્ટિ આધારિત હોવી જોઈએ. ગાંધીનગરના પ્રશ્નો કેટલા છે, કયા છે અને કેવા છે એની જાહેર ચર્ચા થવી જોઈએ. ગાંધીનગરમાં સ્વચ્છતાનો મુદ્દો પ્રાથમિક મુદ્દો છે. દબાણનો મુદ્દો એવી જ અગ્રતાવાળો મુદ્દો છે. ગટરના ઉભરાતા પાણી કે આંતરિક બસ વ્યવસ્થાનો મુદ્દો પણ શહેરીજનોને મુંઝવતો પ્રશ્નો છે. સેક્ટરના દવાખાનાઓ અને પ્રાથમિક શાળાઓની બગડતી પરિસ્થિતિને અટકાવવાની અનિવાર્યતા છે. સેક્ટરના રંગમંચોની ઉપયોગિતા વધારવાની જરૂરિયાત છે અને એને લોકભોગ્ય સાંસ્કૃતિક કેન્દ્ર બનાવવાની આવશ્યકતાનો મુદ્દો મહત્વનો છે. રખડતા ઢોર કે મરેલા ઢોરની વ્યવસ્થાનો મુદ્દો શહેરીજનો માટે અગ્રતાક્રમે છે. ઘનકચરાનો નિકાલ અને વારંવાર પાણીની તુટતી પાઈપલાઈનોથી ભરાતા ખાબોચિયાનો મુદ્દો પણ ખુબ જ જરૂરી છે. લારીગલ્લા ઉપર વેચાતી ખાદ્ય પદાર્થોની નિયમિત ચકાસણીનો મુદ્દો પણ એટલો જ અગ્રક્રમે છે. જાહેર સ્થળોની સ્વચ્છતાનો મુદ્દો પાટનગરની શોભાને ઝાંખી પાડે છે એ મુદ્દો પણ જાહેરમાં ચર્ચાવો જોઈએ. કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર સાથે શહેરના નગરજનો વતી ઉગ્ર રજુઆત કરવાની જાહેરાત રાજકીય પક્ષોએ કરવી જોઈએ. ભલે વાત રેલવે સ્ટેશનના વિકાસની હોય કે ભલે વાત વારંવાર ખોરવાતી બીએસએનએલ ટેલીફોન લાઈનની હોય, વાત ટ્રાફિક વ્યવસ્થાની હોય કે માર્ગોના સુધારણાની હોય, વાત જીઆઈડીસીના પડતર પ્રશ્નોની હોય કે ટાઉનહોલના મરામતની હોય. મહાનગરપાલિકાનો ધર્મ છે એ ફરજ છે કે ગાંધીનગરમાં વસતા નાગરિકોના પ્રશ્નો સક્ષમ સત્તામંડળ સમક્ષ રજુઆત કરે, ઉકેલવા માટેના પ્રયાસો કરે અને પરિણામ લાવી શહેરની સુખાકારીમાં વધારો કરે. અરે ચૂંટણીની વાતને બબ્બે મહિના થવા આવ્યા અને દસ દિવસ બાદ શહેરના મતદારો મતદાન કરવાના છે. ત્યારે કોઈ જ સ્પષ્ટ નથી કે આ શહેર માટે કોણે શુ કર્યુ, કોણ શુ કરવા માંગે છે, કઈ રીતે શહેરનો વિકાસ કરીશુ, કઈ રીતે જન સુખાકારીમાં વધારો કરીશુ..! કોઈ સ્પષ્ટતાઓ નથી. માત્ર ઘોંઘાટ ચાલે છે. મત આપો ભઈ... મત આપો... અમને આપો... અમે જીતશુ... અમે જીતાડશુ. મતદારો મુંજાય છે કે કોને મત આપવો, શાના માટે આપવો એ પ્રશ્નનો જવાબ શોધે છે.

પ્રથમ ચૂંટણીમાં તો સમજ નહોતી કે મહાનગરપાલિકામાં શુ કરવાનુ છે અને કેવી રીતે વહીવટ ચાલશે. હવે તો મહાનગરપાલિકા પાંચ વર્ષની થઈ. બાંકડા ને થાંભલા વહેંચીને વસાહતીઓને રાજી રાજી કરી દીધા પણ મૂળ મુદ્દા ભટકાયા. મિલ્કતવેરો, શિક્ષણ વેરો જેવા વધારાના વેરા માથે પટકાયા. હજુ પણ ગાંધીનગરના નાગરિકો મુંઝાય છે કે આ મહાનગરપાલિકા શા માટે ? ફાયદો છે કે ગેરફાયદો..? રાજકીય પક્ષોના ઉમેદવારો પાસે જવાબની અપેક્ષા છે, મુદ્દાઓની અપેક્ષા છે. સ્પષ્ટ વિઝનની અપેક્ષા છે. હજુ મોડુ થાય એ પહેલા મતદારોને સ્પષ્ટતાઓ આપવી જરૂરી છે. પ્રતિબદ્ધતા સાથે સંકલ્પો ગાંધીનગર ઈચ્છે છે. ચૂંટણીના દસ દિવસ ચ્હા-પાણીથી મતદારોને રાજી કરવાનો અને બાકીના સાડા ચાર વર્ષ ભુલી જવાનો હવે પોષાય તેમ નથી. નગરનો વિકાસ ઈચ્છતા મતદારો અને ઉમેદવારો મુદ્દા આધારિત ચૂંટણીનો માહોલ બનાવે એવી અપેક્ષાઓનો અણસાર વર્તાય છે.

## કોંગ્રેસ અને ભાજપ બંને પક્ષો જ્ઞાતિ સમાજના સમીકરણોના બદલે શહેરના વિકાસ કલ્યાણની વાતને મહત્વ ન આપતા મતદારો ચિંતિત છે

## હરિની દૃષ્ટિ...

**- હરિન ભટ્ટ**



**નવા વર્ષનાં છાપામાં આવેલું રાશિભવિષ્યમાં લખેલું સાચું પડ્યું... કે વર્ષનાં મધ્ય ભાગમ સુધી આશા રાખી બેસો પછી... નસીબ હાથતાળી આપશે... એમજ થયું તારી ભાભી આ વખતે પિયરમાં જવાની નથી...!!**

# દહેગામના કડાદરા ગામે ૬૫ વર્ષિય વૃદ્ધની કરપીણ હત્યા

## વાડામાં સૂતા હતા ત્યારે રાત્રી દરમ્યાન કરાઈ હત્યા : હત્યા કરવા પાછળનું રહસ્ય અકબંધ

ગાંધીનગર, તા. ૧૩

જિલ્લાના દહેગામ તાલુકા વિસ્તારમાં સ્થિત કડાદરા ગામમાં પોતાના પશુઓએ માટે બનાવેલા વાડામાં રાત્રે સુઈ ગયેલા ૬૫ વર્ષિય વૃદ્ધને કોઈ શખ્સે રાત્રી દરમ્યાન માથાના ભાગે કોઈ હથિયારથી ફટકા મારીને કરપીણ હત્યા કરી નાંખતા ચકચાર મચી જવા પામી હતી. દહેગામ પોલીસે વૃદ્ધના મૃતદેહને પી.એમ. કરાવી હત્યાનો ગુનો દાખલ કરીને ગુનાની ઊંડી તપાસ શરૂ કરી છે.

દહેગામના કડાદરા ગામમાં સ્થિત ઈન્દીરાનગર વિસ્તારમાં ઢોરઢાંખર રાખીને ૬૫ વર્ષિય બાબુજી ફતાજી સોલંકી ગુજરાન ચલાવતા હતા. પશુઓ સાચવવા બનાવેલા વાડામાં જ રાત્રે બાબુજી સોલંકી સુઈ જતા હતા. ગઈ રાત્રે નિત્યક્રમ મુજબ વાડામાં જઈને બાબુજી સુઈ ગયા હતા. સવારે બાબુજીના પત્નિ શાંતાબેન પશુઓને ઘાસ આપવા વાડામાં ગયા અને જોયુ તો ખાટલાની બાજુમાં ઉકરડા પાસે બાબુજીનો લોઈલુહાણ હાલતમાં મૃતદેહ પડ્યો હતો. માથાના ભાગે કોઈ હથિયાર વડે ઘા ઝીંકીને વૃદ્ધની હત્યા કરી કોઈ શખ્સ ફરાર થઈ ગયુ હતુ. મૃતકના દિકરા સુખાભાઈએ પોલીસને જાણ કરતા દહેગામ પોલીસે ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને હત્યાનો ગુનો નોંધી મૃતદેહ પોસ્ટમોર્ટમ કરાવી ઝીણવટભરી તપાસ શરૂ કરી છે.



### હત્યારાની મોડી સાંજે ધરપકડ : હત્યા કરીને ગામના બીજા વૃદ્ધની હત્યાનો પ્રયાસ કર્યો માથા ફરેલા ગામના શખ્સે ચાર વ્યક્તિની હત્યા કરવાની યાદી બનાવી હતી

રાત્રી દરમ્યાન કડાદરા ગામના ૬૫ વર્ષિય વૃદ્ધને માથે કોઈ હિયાર ફટકારીને મોતને ઘાટ ઉતારી દેનાર શખ્સ ગણતરીના કલાકોમાં પોલીસે પકડી પાડ્યો હતો. મોડી સાંજે ગામના જ હત્યારા જગા ઉદા ઠાકોરની ધરપકડ કરી લેવાઈ હતી. કોઈ નજીવી બાબતે જેની જેની સાથે તેને મનદુખ થયુ હતુ તેવા ચાર વ્યક્તિઓની યાદી લઈને તે રાતથી હત્યા કરવા નીકળી ગયો હતો. માથાના ફરેલા આ શખ્સે રાત્રે તેણે બાબુજીની હત્યા કરી હતી. ત્યારબાદ સવારે દસ વાગે ગામના ૬૦ વર્ષિય વૃદ્ધ કાનજીભાઈ ઠાકોર પાસે તે ગયો હતો અને માથામાં ખાટલાની ઈસ ફટકારીને હત્યાનો પ્રયાસ કર્યો હતો. ગંભીર હાલતમાં ઘાયલ આ વૃદ્ધ પણ હાલ અમદાવાદ સિવિલમાં જીવન મરણ વચ્ચે ઝોલા ખાઈ રહ્યા છે. પોલીસે જગા ઉદા ઠાકોરની મોડી સાંજે ધરપકડ કરી લઈ અન્ય બેની હત્યા માટે જાય તે પહેલા જ પકડી પાડ્યો હતો. હત્યા કરવાનું કારણ અને હથિયાર સહિતની વિગતો બહાર લાવવા દહેગામ પોલીસે તપાસ શરૂ કરી છે.

## ખૂણે ખાંચરેથી...

- મનપાની ચૂંટણીને લઈ શરત મારનારાઓનું બજાર પણ હવે ઉભરી રહ્યું છે.
- મનપાની ચૂંટણીને પગલે સેક્ટરોમાં રાત્રિના સમયે સારી એવી ચહલપહલોથી સેક્ટરો ધમધમતા દેખાય છે.
- પ્રાથમિક શાળાઓમાં પરીક્ષા ચાલી રહી છે તો કોલેજોમાં પણ પરીક્ષાઓ ચાલતી હોવાથી હજુ પ્રચારમાં બહુ યુવાનો જોડાયા નથી.
- ગાંધીનગર શહેરના લગભગ તમામ સેક્ટરોમાં ભાજપ કોંગ્રેસના ધ્વજો ખાનગી, જાહેર સ્થળો પર જોવા મળી રહ્યા છે.
- ગાંધીનગર શહેરમાં સમર કેમ્પોના આયોજનો બાદ હવે તેના રજીસ્ટ્રેશનોનો માહોલ પણ જામી રહ્યા છે.
- ગાંધીનગર જિલ્લામાં ઉનાળુ વાવેતરને લઈ ખેડૂતોમાં ઓછો ઉત્સાહ જોવા મળે છે.
- ગાંધીનગર શહેરમાં સીસીટીવી સર્વેલન્સ માટેના પોલ્સ ઉભા કરવામાં આવી રહ્યા છે.

## જિલ્લા ભાજપની કારોબારીમાં રાજકીય સ્થિતિની સમીક્ષા થઈ

ગાંધીનગર, તા. ૧૩

ભારતીય જનતા પક્ષની જિલ્લા કારોબારીમાં જિલ્લાની રાજકીય સ્થિતિ પર ગંભીર ચર્ચાઓ કરાઈ હતી અને આગામી દિવસોમાં પક્ષના સંગઠ્ઠનને વધુ મજબુત બનાવવાની વાત પર ભાર મુકવામાં આવ્યો હતો.

ભારતીય જનતા પાર્ટી, ગાંધીનગર જિલ્લા દ્વારા અખબારી યાદીમાં જણાવે છે કે તા. ૧૦-૪-૨૦૧૬ને રવિવારના રોજ ૧૦ કલાકે શ્રી અંબાજી મંદિર ગિયોડ પાટીયા, મુ. ગિયોડ, તા. જી. ગાંધીનગર જિલ્લાની પ્રથમ કારોબારી જિલ્લા અધ્યક્ષ નૈલેષભાઈ જે. શાહ, પ્રદેશ મંત્રી અને પ્રભારીશ્રી રમણજી સોલંકી, ધારાસભ્ય અશોકભાઈ પટેલ, શંભુજી ઠાકોર, પૂર્વ મંત્રી ગાભાજી ઠાકોર, પૂર્વ મંત્રી વિપુલભાઈ ચૌધરી, પૂર્વ મહામંત્રી હિતેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં દીપ પ્રાગટ્ય કરી વંદે માતરમ્ ગાન સાથે પ્રારંભ કરવામાં આવ્યો હતો.

સમગ્ર જિલ્લામાંથી ૨૫૦થી વધુ કારોબારી સદસ્યોને આવકારતા જિલ્લા અધ્યક્ષે જિલ્લા ભાજપાની ટીમને ટીમ ગાંધીનગર ગણાવી હતી.

## લેફ. સત્યમ દુબેનો વિદાયમાન કાર્યક્રમ યોજાયો

રાજ્યપાલશ્રીના એ.ડી.સી. લેફ. સત્યમ દુબેની નૌ સેના, વિશાખાપટ્ટનમ ખાતે બદલી થતા તેમના વિદાયમાન કાર્યક્રમ ગઈકાલે રાજભવન ખાતે યોજાયો હતો. આ પ્રસંગે ગુજરાતના રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલીએ એ.ડી.સી. લેફ. સત્યમ દુબેની ફરજ નિષ્ઠાને બિરદાવી હતી.

રાજ્યપાલશ્રી અને લેડી ગવર્નર શ્રીમતી અવિનાશ કોહલીએ લેફ. દુબેને સ્મૃતિચિહ્ન ભેટ આપ્યું હતું. અગ્રસચિવ અરવિંદ જોષીએ પણ લેફ. સત્યમ દુબેએ રાજભવનમાં આપેલી સેવાની પ્રસંશા કરી હતી. એ.ડી.સી. દિવ્યા મિશ્રાએ પણ લેફ. સત્યમ દુબેને શુભકામનાઓ પાઠવી હતી.

# સિવિલમાં વર્ષોથી ચાલતા રસોડાની જગ્યા બદલાઈ

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે વર્ષોથી ગ્રાઉન્ડ ફલોર પર દવાના સ્ટોરરૂમ પાસે રસોડુ હતું. પરંતુ સિવિલ અધ્યતન અને આધુનિક બનતા દર્દીઓનો ભારે ધસારાને કારણે રસોડું સાંકળુ પડતું હતુ અને અગવળતા વધી જવા પામી હતી. જેને પરિણામે નવા બિલ્ડીંગના પ્રથમ માળે આધુનિક રસોડું તૈયાર થઈ જતા તેમાં જગ્યા શીફ્ટ કરાઈ છે.

ગાંધીનગર સિવિલના નિર્માણ સમયથી જ દર્દીઓને જમવાનું આપવામાં આવે છે. ગાંધીનગર સિવિલ પહેલા ઓછી પથારીની હોવાથી રસોડું પણ નાનું હતું. સિવિલમાં દવાના સ્ટોરરૂમની પાસે વર્ષોથી રસોડું કાર્યરત હતું. પરંતુ હવે મેડીકલ કોલેજને પગલે દર્દીઓની સંખ્યામાં વધારો થવા પામ્યો છે. હોસ્પિટલ અત્યારે હાલના સમયે ઓપીડી અને ઈન્ડોર દર્દીઓથી ઉભરાય છે. દર્દીઓની સંખ્યા વધુ હોવાથી રસોડુ નાનું પડતુ હતું તેમજ સ્ટોરરુમમાં અગવડતા ઉભી થવા પામતી હતી. ત્યારે નવી આઠ માળની ઈમારતમાં પહેલાથી જ પ્લાન મુજબ અનાજ, કરયાણું જથ્થાબંધ માત્રામાં મુકી શકાય તેવી વિશાળ જગ્યા ધરાવતુ આધુનિક રસોડુ તૈયાર કરાયું છે. જમાં એકઝોસ્ટ ફેન, ફાયર સેફટી સહિત વાસણ ધોવાની તેમજ મુકવાની અલાયદી વ્યવસ્થા કરવામાં આવી છે. જયારે નવિ બિલ્ડીગમાં રસોડુ આવી ગયું હોવાથી પહેલા કરતા ઓછા સમયમાં દર્દીઓને જમવાનું મળી શકશે તેમજ સ્ટાફને પણ જમવાનુ લઈ જવામાં સરળતા રહેશે. તંત્ર દ્વારા વર્ષો જુના રસોડાની જગ્યા બદલીને નવા સ્થળે શીફ્ટ કરવાનો નિર્ણય લેતા સ્ટાફમાં પણ હરખની હેલી પ્રસરી છે. હવેથી દર્દીઓને મળતુ ડાયટ ફુડ નવીન રસોડાથી તૈયાર થઈ ને જશે અને દર્દીઓને મળશે.

## મેચ માટે પાણીની કોઈ પણ અરજી આવી નથી

રાજયના પાણી પુરવઠા પ્રધાન વિજય રૂપાણીએ આજે પત્રકારોના પ્રશ્નના જવાબમાં જણાવ્યું હતું કે, રાજકોટમાં રમાનારી આઈપીએલ મેચ માટે રાજય સરકાર પાસે પાણીની માંગણી કરતી કોઈ અરજી આવી નથી માટે અમારે તેમણે પાણી આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. પત્રકારોએ જ્યારે એવો વખતો પ્રશ્ન કર્યો કે તો એ લોકો પાણી ક્યાંથી લાવશે તો પ્રશ્ન ઉડાડતા વિજય રૂપાણીએ કર્યું કે એ તો એ લોકોને જ પુછો.

# અલુવા ગામમાં જોગણી માતાજીના ગરબાનું આકર્ષણ

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર નજીક આવેલા અલુવા ગામમાં ચૈત્રી નવરાત્રીના પાંચમ દિવસે ગામમાં આવેલા દરેક ઘરમાંથી વર્ષોની પરંપરા મુજબ જોગણી માતાજીના ગરબા નીકાળવામાં આવે છે. સમગ્ર ગામમાંથી એકસાથે માતાજીના ગરબા નીકળતા અનોખા ભાઈચારાનું અને ધાર્મિક વાતાવરણનો અનુભવ થાય છે. ગામમાં ઘર હોય અને દેશના અન્ય શહેરમાં રહેતો ગ્રામજન પણ આ દિવસે માતાજીના ઉત્સવમાં ભાગલેવા હર્ષભેર અલુવાની વાટ પકડે છે.

ગાંધીનગર મહુડી માર્ગ પર આવેલા અલુવા ગામમાં વર્ષોથી જોગણી માતાજીના ગરબાની પરંપરા છે. ચૈત્રી નવરાત્રીના પાંચમના દિવસે આ ધાર્મિક ઉત્સવની ઉજવણી કરવામાં આવે છે. ગામના ૪૦ ટકા ગ્રામજનો બહાર રહે છે વર્ષ દરમિયાન બહાર રહેતા ગામના ભાઈ બહેનો આ દિવસે અલુવા ખાતે આવી પહોંચે છે. આ ઉત્સવમાં પાંચમના દિવસે દરેક ભાઈ બહેન વન ભોજન કરે છે. ગામમાં આવેલા બળીયાદેવના મંદિરે દરેક વ્યકિત



જઈને દર્શન કરીને ચોથના દિવસે બનાવેલ ઢેબરા અને દહીં સહિતની વાનગી જમે છે. જયારે ત્યારબાદ ત્યાંથી પાછા આવતા સમયે ભૈરવનાથના મંદિરે દર્શન કરીને દીવો પુરવામાં આવે છે. ત્યારબાદ સાંજના સમયે જોગણી માતાના ઘડુલીયા (ગરબા) તૈયાર કરવામાં આવે છે. ગામમાં ઢોલીનો ડંકો વાગે ત્યારે શુભ મુર્હતમાં ગ્રામજનો ઘડુલીયાને આંગણામાં મુકવામાં આવે છે. ત્યારબાદ ગામના આગેવાન ઠાકોર સાહેબના ઘરેથી પહેલો માતાજીનો ગરબો નીકળે અને ઢોલી ઢોલ વગાડતો જાય ગામમાં અને એક પછી એક માતાજીના ગરબા સાથે ગ્રામજનો જોડાતા જાય અને વાંજતે ગાંજતે જોગણી માતાજીના મંદિરે ગ્રામજનો દ્વારા ગરબા મુકવામાં આવે છે. એકસાથે માતાજીના ગરબા નીકળતા ભકિતનું અનોખુ વાતારણ સર્જાય છે. ગરબાના ઝગમગાટથી ગામ આખામાં દિવ્ય પ્રકાશ પ્રસરી જાય છે. માતાજીના ગરબા મુક્યા બાદ ઘરે દાળ-ભાત, શાક-પુરી અને લાડુનું જમણ દરેક ઘરે કરવામાં આવે છે. ગામના બળીયાદેવ, ભૈરવદાદા અને ગામ ટોડાના જોગણી માતાના ઉત્સવને ગ્રામજનો ધામધુમથી ઉજવે છે.ઉલ્લેખનીય છેકે એકતા અને ભાઈચારાને પગલે આજદિન સુધી ગામમાં કોઈ ચુંટણી થઈ નથી. તેવું ગ્રામજનો કહી રહ્યાં છે.

# શહેરમાં પશુ ચોર ટોળકી સક્રીય

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર શહેરમાં પશુ ચોર ટોળકીએ ફરીવાર માથું ઉચક્યું છે. શહેરના સેકટર-૧૩ ખાતે રહેતા એક માલધારી પરિવારની બે ગાય ચોરી કરીને લઈ ગયાનું પ્રકાશમાં આવ્યું છે. શહેરમાં પશુ ચોર ગેંગ સક્રિય થતા માલધારી સમાજ ચિંતિત બન્યો છે.

ગાંધીનગર શહેરમાં થોડા સમય પહેલા પશુ ચોરી કરીને લઈ જતી ટોળકી એ હાહાકાર મચાવી દીધો હતો. આ ટોળકીને કારણે માલધારી સમાજના લોકો રાત્રી ઉજાગરા કરીને પોતાના પશુઓની રખેવાળી કરતા હતા. પશુ ચોરતી ગેંગ દિવસ દરમ્યાન ફરીને કયા સેકટરમાં વધુ પશુ છે કે કંઈ જગ્યાએ વધુ પશુ રાત્રીના સમયે બેસી રહે છે. તેનું નિરીક્ષણ કરીને રાત્રીના સમયે મોંઘીદાટ ગાડીઓ અને જીપડાલું લઈને આવી ને પળવારમાં ચોરી કરીને પલાયન થઈ જાય છે. અત્યારના સમયે પશુઓની કિંમત પણ આસમાને પહોંચતા પશુ ચોરીના કિસ્સામાં વધારો નોંધાયો છે. ત્યારે શહેરમાં વસતા માલધારી પરિવારમાં પશુ ચોરી થઈ જતા મોટું આર્થિક નુકશાન થવા પામે છે. આ પશુ ચોરતી વખતે ટોળકીને કોઈ જોઈ જાય અને પ્રતિકાર કરે તો સામે હુમલો કરતા પણ અચકાતા નથી જેને લઈ વસાહતીઓ પણ ભય અનુભવે છે. ત્યારે ફરીવાર ગાંધીનગરમાં પશુ ચોર ગેંગ સક્રીય થતા માલધારી સમાજ ચિંતિત બન્યો છે. તાજેતરમાં શહેરના સેકટર-૧૩ ખાતે રાત્રીના સમયે પશુ ટોળકી ત્રાટકી હતી અને બે ગાય ચોરી કરીને પલાયન થઈ ગયાનો કિસ્સો સામે આવ્યો છે. જો કે આ ગેંગ તો વધુ પશુ લઈ જવાની ફિરાકમાં હતી પરંતુ કોઈ બહેન અચાનક જાગી જતા અને જોઈ જતા હિંમતભેર આ ટોળકીને પડકારી હતી જેને પરિણામે આ ટોળકી જીપ ડાલુ લઈને ગાય ચોરી કરીને જતી રહી હતી. ઉનાળાના સમયમાં ફરીવાર શહેરમાં આ પ્રકારના બનાવ બનતા માલધારી સમાજમાં રોષ જોવા મળ્યો છે. શહેરમાં પોલીસ પેટ્રોલીગ વધુ સઘન બનાવાય તેવુ નગરજનો ઈચ્છી રહ્યા છે. જયારે પશુ ચોરતી ગેંગ ફરીવાર શહેરમાં સક્રિય થતા માલધારી સમાજને રાત્રીના સમયે જાગતા ઉંઘવુ પડે તેવી સ્થિતિનું નિર્માણ થવા પામ્યું છે.